# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ :-suratdeo@gmail.com

Web :-www.suratdeo.org


ક્રમાંક: મા-૨/શિ.ગ.શિ/૨૦૨૫/ 9670 — તા.૦૫/૦૮/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ-સુરત

વિષય: શિક્ષક ગરિમા શિબિરમાં શિક્ષકોને ભાગ લેવા બાબતે.

સંદર્ભ: ગાયત્રી પરિવાર રચનાત્મક ટ્રસ્ટ, સુરતના તા.૦૪/૦૮/૨૦૨૫નો પત્ર.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગાયત્રી પરિવાર રચનાત્મક ટ્રસ્ટ, સુરત દ્વારા ભારતીય સંસ્કૃતિની જ્ઞાનપ્રદ માહિતી બાળકો સુધી પહોંચે, તેમનામાં રાષ્ટ્રપ્રેમ જાગ્રત થાય તેવા સારા ઉદ્દેશ્ય સાથે શિક્ષકોને જરૂરી માર્ગદર્શન મળે અને તે જ્ઞાન બાળકો સુધી પહોંચે તેવા સારા આશયથી તા.૧૨/૦૮/૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૮:૦૦ થી ૧૨:૩૦ કલાક સુધી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા અંતર્ગત એક "શિક્ષક ગરિમા શિબિર" નું આયોજન નીચે જણાવેલ સ્થળે કરવામાં આવેલ છે. સદર શિબિર નિ:શુલ્ક છે. આ શિબિરમાં દરેક શાળાઓમાંથી બે-બે શિક્ષકો હાજર રહી ભાગ લે તેવી વ્યવસ્થા કરવા માટે જાણ સારૂ.

સ્થળ: વિશ્વાસ ભવન હોલ, પહેલા માળે, શ્રી ઉમિયાધામ મંદિર, વરાછા અશ્વિનીકુમાર રોડ, સુરત.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ-સુરત

બિડાણ: સંદર્ભિત પત્ર

Scanned with OKEN Scanner

॥ ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ॥
:: तत्त्वावधान ::
अखिल विश्व गायत्री परिवार, गायत्री तीर्थ शांतिकुंज, हरिद्वार (उतरांचल)
उपजोन केन्द्र (सूरत)

# भारतीय संस्कृति ज्ञान परीक्षा

:: गायत्री परिवार रचनात्मक ट्रस्ट ::
१, कोटेश्वर नगर, फायर स्टेशन के सामने, अर्पल टावर के पीछे, कतारगाम मैन रोड, सूरत - ४ (गुजरात)
Phone & Fax : (0261) 2482112 / E-mail : gcksurat@gamil.com

स्थापक संरक्षक : वेदमूर्ति पं. श्रीराम शर्मा आचार्य एवं माता भगवतीदेवी शर्मा

दिनांक : ४/०८/२०२५.

क्रमांक :

પ્રતિ,
મહે.ડૉ.ભગીરથસિંહ પરમાર,
જીલ્લા શિક્ષણા અધિકારી શ્રી
જીલ્લા સેવા સદન - ૨
અઠવા લાઈન્સ સુરત.

વિષય - શિક્ષક ગરિમા શિબિરમાં ગ્રાન્ટેડ શાળાઓ અને સ્વનિર્ભર શાળાઓના શિક્ષકોને સદર શિબિરમાં હાજર રહેવાની સુચના આપવા બાબતે.

સુજ્ઞ મહાશય,

સવિનય સહ જણાવવાનું કે દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય શાંતિકુંજ હરિદ્વાર અંતર્ગત ભારતીય સંસ્કૃતિક જ્ઞાન પરીક્ષા ભારત ભરમાં લેવામાં આવે છે. જેમાં સુરતમાં એક લાખ થી વધુ બાળકો ગત વર્ષે ભાગ લીધો હતો. આ વર્ષે ભારતીય સંસ્કૃતિની જ્ઞાનપ્રદ માહિતી બાળકો સુધી પહોચે અને વધુમાં વધુ બાળકો ભાગ લે અને તેમનામાં રાષ્ટ્રપ્રેમ જાગ્રત થાય તેવા સારા ઉદેસ્ય સાથે શિક્ષકોને જરૂરી માર્ગદર્શન મળે અને તે જ્ઞાન બાળકો સુધી પહોચે તેવા સારા આશય થી તા.૧૨/૦૮/૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૦૮:૦૦ થી ૧૨:૩૦ કલાક સુધી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા અંતર્ગત એક "શિક્ષક ગરિમા શિબિર" નું આયોજન આપના સહકારથી રાખવામાં આવ્યું છે. નીચે મુજબના સ્થળે રાખવામાં આવ્યું છે. આ શિબિરમાં દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના રાષ્ટ્રીય સંયોજક અને તેમની ટીમ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે. માટે ગ્રાન્ટેડ શાળાઓ અને સ્વનિર્ભર શાળાઓના દરેક સ્કુલમાંથી બે-બે શિક્ષકો ને હાજર રહેવા અંગે આપના દ્વારા જરૂરી કાર્યવાહી થવા અને જે શિક્ષકો શિબિરમાં ભાગ લેવા આવનાર છે, તેમના નામ અને સંપર્ક નંબર વ્યવસ્થાના ભાગ રૂપે અમોને મળે તેવી વ્યવસ્થા કરી આપવા આપ સાહેબને નમ્ર વિનંતી.

નોંધ - આ શિબિર નિ:શુલ્ક છે.

સ્થળ : વિશ્વાસ ભવન હોલ, પહેલા માળે, શ્રી ઉમિયા ધામ મંદિર, વરાછા-અશ્વિની કુમાર રોડ, સુરત.

"આભાર સહ"

भारतीय संस्कृति ज्ञान परीक्षा समिति
फोन नं. २४८२११२
सूरत

આપનો ભવદિય
પુનાભાઈ પટેલ
(પુનાભાઈ પટેલ)
ઉપઝોન સંયોજક
ગાયત્રી પરિવાર રચનાત્મક ટ્રસ્ટ



Scanned with OKEN Scanner

# ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૨૦-૦૫-૨૦૨૫

## સંદેશ

"સંસ્કૃતિ" એ વ્યક્તિના વ્યવહાર, વિચારો, પરંપરા, કળા, ધર્મ અને ભાષાનો સમૂહ છે. ભારત અતિ પ્રાચીન અને વૈવિધ્યસભર ભૂપ્રદેશ છે, એમાં અનેક ધર્મો, ભાષા, કલા, સાહિત્ય, તહેવાર અને જીવનશૈલી છે, જેની સંસ્કૃતિ દુનિયાની સૌથી જૂની અને સમૃદ્ધ સંસ્કૃતિઓ પૈકીની એક છે. ભારતીય સંસ્કૃતિ 'વિવિધતામાં એકતા' માટે આદર્શરૂપ છે. ભારતીય સંસ્કૃતિ એ માનવતા, પ્રેમ, કરુણા, શાંતિ અને સમરસતાની ભાવના શીખવે છે. ભારતીય સંસ્કૃતિ એ આધ્યાત્મિકતા અને સહઅસ્તિત્વના સિદ્ધાંતો પર આધારિત છે, જે શ્રેષ્ઠ જીવનમૂલ્યો, સદ્ભાવના વિચારો અને વિશ્વ સ્નેહનો શુભ સંદેશ આપે છે.

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા એ માત્ર એક શૈક્ષણિક પ્રવૃત્તિ નથી, પરંતુ તે આપણી મહાન સંસ્કૃતિ અને પરંપરાઓ પ્રત્યેના ગૌરવ અને આદરની અભિવ્યક્તિ છે. આવી પરીક્ષાના માધ્યમથી આપણે ભવ્ય સંસ્કૃતિનાં મૂલ્યોને અપનાવી તેનું ભવિષ્યની પેઢી સુધી વહન કરીએ છીએ. સાંસ્કૃતિક પરીક્ષાઓનું આયોજન આપણા રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાને જાળવવા અને પ્રોત્સાહિત કરવા માટેનું અનેરું માધ્યમ છે. આવી પરીક્ષા થકી ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોનું સંવર્ધન અને સંરક્ષણ થાય છે.

આજની પેઢીમાં ભારતીય સંસ્કૃતિને સતત સતેજ રાખવાનો યુગધર્મ, "અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ" હરિદ્વારના માધ્યમથી નિભાવવામાં આવી રહ્યો છે. "ગાયત્રી પરિવાર" દ્વારા આયોજિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા જેવી પરીક્ષાઓથી વિદ્યાર્થીઓની અંદર રાષ્ટ્રભાવના, નૈતિક મૂલ્યો, સામાજિક ઐક્ય તેમજ જ જ્ઞાનમાં વધારો થાય એ માટે આયોજન કરે છે, જેના થકી વિદ્યાર્થીઓ પોતે તો ગુણવાન અને બૌદ્ધિક રીતે સુદૃઢ બને છે, સાથે સાથે દેશને પણ રાષ્ટ્રપ્રેમી નાગરિકો મળે છે.

આ પરીક્ષા, ભારતીય સંસ્કૃતિને જાળવવા અને પ્રોત્સાહિત કરવા માટે સતત પ્રયત્નશીલ રહે એવી શુભેચ્છાઓ.


આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

Shree Shankarbhai Patel, *Co-ordinator,*
*Bhartiya Sanskruti Gyan Pariksha Rajya Samiti, Ahmedabad,*
Gayatri Chetna Kendra, 201-202,
Anand Apartment, Nr. Gayatri Mandir, At Post: Juna Vadaj, Ahmedabad-380013
Email: s.n.patel@live.com
Mo: 9426769549 / 9898625995
Apro/ab/2025/05/20/hj

Scanned with OKEN Scanner

Scanned with OKEN Scanner



**ડૉ. કુબેરભાઈ ડીંડોર**


ક્રમાંક: મંત્રીશ્રી/આ.વિ./ શિક્ષણ/શુભેચ્છા/૨૦૨૫

**મંત્રી,**

**આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક**

**અને પ્રૌઢ શિક્ષણ, ગુજરાત સરકાર**

પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧,

સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ફોન નં.: (ઓ) ૦૭૯ ૨૩૨-૫૦૧૨૬/૩૮૦૭૫

ફેક્સ નં. :૦૭૯ ૨૩૨ ૫૦૩૦૬


તારીખ: ૨૦/૦૫/૨૦૨૫

## "શુભેચ્છા સંદેશ"

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ હરિદ્વાર દ્વારા વર્ષોથી ચલાવવામાં આવતી **"ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા"** શ્રેષ્ઠ સંસ્કારમૂલ્યોથી પરિપૂર્ણ, ઊંડા ઐતિહાસિક અને આધ્યાત્મિક ભાવથી ઉદ્ભવેલી એક રાષ્ટ્રીય સ્તરની નોંધપાત્ર શૈક્ષણિક પ્રવૃત્તિ છે.

આ પરીક્ષાનો મુખ્ય ઉદ્દેશ ભારતીય સંસ્કૃતિના મૂલ્યો, આધ્યાત્મિકતા અને નૈતિકતાને આજની યુવા પેઢી સુધી પહોંચાડવાનો છે. આજની સ્પર્ધાત્મક દુનિયામાં બાળકના સર્વાંગી વિકાસ માટે માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરતું નથી, પરંતુ સંસ્કાર, નૈતિકતા અને સાચી જીવનદ્રષ્ટિ આપવી પણ એટલી જ આવશ્યક છે.

વિદ્યા સાથે સંસ્કારના સુમેળથી જ ઉજ્જવળ ભવિષ્યની નિર્માણશીલ પેઢી ઘડી શકાય છે. આવી શુભ પ્રવૃત્તિઓ યુવા પેઢીમાં દેશપ્રેમ, ચારિત્ર્ય નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણના પાયો મજબૂત કરે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન અંદાજે ૬.૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લઈને જ્ઞાન અને સંસ્કારની સાથે જોડાવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે.

વિદ્યાર્થીવિશ્વને સંસ્કારમય તથા નૈતિકતાસભર શિક્ષણ આપવા માટે સંકલ્પિત આ કાર્યક્રમ માટે તમામ શૈક્ષણિક સંસ્થાઓ, શિક્ષકો, સંચાલકો તથા વાલીઓને સહકાર આપવા અનુરોધ કરું છું તથા ૧૧ વિવિધ ભાષાઓમાં લેવાતી **"ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા વર્ષ ૨૦૨૫"** માટે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારને હાર્દિક અભિનંદન પાઠવું છું.

**જય જય ગરવી ગુજરાત ...**

**આપનો સ્નેહાધીન,**

(ડૉ. કુબેરભાઈ ડીંડોર)

**પ્રતિ**

**શ્રી શંકરભાઈ પટેલ,**

**સંયોજકશ્રી,** ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા સમિતિ, ગુજરાત.

ગાયત્રી ચેતના કેન્દ્ર, ૨૦૧-૨૦૨, આનંદ એપાર્ટમેન્ટ,

જૂના વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩.

Scanned with OKEN Scanner